તારીખ : 05/07/2026



# ગુજરાતમાં 24 કલાકમાં 196 તાલુકામાં વરસાદ, ખાંભામાં સૌથી વધુ 7.76 ઈંચ નોંધાયો

સનાતન સંસ્કૃતિના જતન, પરિવાર પ્રબોધન અને ધાર્મિક જાગૃતિના પવિત્ર ઉદ્દેશ સાથે સનાતન સેવા મંડળ, અમરેલી દ્વારા પૂજ્ય મુક્તાનંદ બાપુની પ્રેરણાથી દર મહિનાના ચોથા મંગળવારે માસિક સત્સંગ અને સમૂહ હનુમાન ચાલીસા પાઠ યોજવાનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ શ્રેણીનો પ્રથમ સત્સંગ મંડળના પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડના નિવાસસ્થાને ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણમાં યોજાયો હતો.કાર્યક્રમની શરૂઆત સમૂહ હનુમાન ચાલીસા પાઠથી થઈ હતી. ત્યારબાદ ધૂન, ભજન-કીર્તન તેમજ ભારત માતાની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. કરણભાઈ વાજા, ગાયક કલાકાર સંજયભાઈ પંડયા, કૌશિકભાઈ પંડયા સહિતના કાર્યકરોએ ભક્તિગીતો અને કીર્તન દ્વારા સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.આ પ્રસંગે સનાતન સેવા મંડળના મંત્રી પ્રકાશભાઈ શુક્લે મંડળ દ્વારા હાથ ધરાતી વિવિધ ધાર્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે વિદ્યાભારતી સંચાલિત સરસ્વતી વિદ્યામંદિરના આચાર્ય પ્રવીણભાઈ કથીરીયાએ નાગરિક શિષ્ટાચાર, સંસ્કારસભર જીવનશૈલી અને સમાજ પ્રત્યેની જવાબદારીઓ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.મંડળના પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, સત્સંગના માધ્યમથી સમાજમાં સનાતન મૂલ્યોનું સંવર્ધન, પરિવાર પ્રબોધન અને નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન કરવું એ મંડળનો મુખ્ય ધ્યેય છે. તેમણે જણાવ્યું કે દર મહિનાનો સત્સંગ મંડળના સભ્યોના નિવાસસ્થાને ફરતી પદ્ધતિથી યોજાશે, જેથી વધુમાં વધુ પરિવારો ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે જોડાઈ શકે.કાર્યક્રમમાં સનાતન સેવા મંડળના માર્ગદર્શક વરિષ્ઠ એડવોકેટ બકુલભાઈ પંડયા, અગ્રણી વેપારી હકુભાઈ ચૌહાણ, એડવોકેટ ઈતેશભાઈ મહેતા, મજબૂતભાઈ બસિયા, રશ્મિનભાઈ ત્રિવેદી, નિવૃત્ત પી.એસ.આઈ. રામાનુજભાઈ, ધર્મેશભાઈ ગોંડલિયા, વિપુલભાઈ દવે, ભરતભાઈ જળું, છાયાબેન ગેડિયા, હિરલબા વાળા, ઉદયસિંહ રજપૂત, આશિષભાઈ જોશી, દિલીપભાઈ ડેર, વેદાંત ત્રિવેદી, કેતનભાઈ વિસાણી, અશોકભાઈ પંડયા, ભીખુભાઈ કારીયા તેમજ બજરંગ દળના અગ્રણી ભાર્ગવભાઈ માવાણી, માધવભાઈ ભટ્ટ, વરૂણભાઈ ભટ્ટ, ભવ્યભાઈ સવાણી, આર્યનભાઈ માધવ, દર્શન ઠુમ્મર સહિત મોટી સંખ્યામાં સનાતન સેવા મંડળના સભ્યો અને ધર્મપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના અંતે સૌએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ ભક્તિ, સંસ્કાર અને સામાજિક એકતાનો સુંદર સમન્વય બની રહ્યો હતો.

તારીખ : 05/07/2026

# સફળતા પછી નમ્રતા અને કૃતજ્ઞતા જ સાચી ઓળખ: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ



અંજુર ફાટા સ્થિત શંખેશ્વરધામ જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે પ્રેરણાદાયી પ્રવચન આપતાં જણાવ્યું કે, જીવનમાં સફળતા મેળવવી જેટલી જરૂરી છે, એટલું જ મહત્વ તેને સંયમ અને નમ્રતા સાથે જાળવી રાખવાનું પણ છે. સતત પુરુષાર્થ, ધ્યેય પ્રત્યેની એકાગ્રતા અને અવિરત પ્રયત્નો વ્યક્તિને સફળતા સુધી પહોંચાડે છે. જોકે સફળતા મળતાં અતિઉલ્લાસમાં કે નિષ્ફળતા મળતાં હતાશામાં ડૂબી જવું યોગ્ય નથી, કારણ કે સુખ અને દુઃખ જીવનના સ્વાભાવિક ચક્ર છે.તેમણે જણાવ્યું કે મનુષ્ય પુરુષાર્થ કરે છે, પરંતુ પરિણામમાં ભાગ્યનો પણ મહત્વનો હિસ્સો હોય છે. ક્યારેક સખત મહેનત છતાં અપેક્ષિત સફળતા મળતી નથી, જ્યારે યોગ્ય સમય અને સારા ભાગ્યનો સાથ મળે ત્યારે વ્યક્તિ અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે.ઉદાહરણરૂપે યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશીનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે નાની ઉંમરમાં જ વિશ્વસ્તરીય ખેલાડીઓ સામે નિર્ભયતાથી રમવાની તેની ક્ષમતા તેના આત્મવિશ્વાસ, સતત અભ્યાસ અને સ્પષ્ટ લક્ષ્યનું પરિણામ છે. દરેક યુવાને તેની પાસેથી એકાગ્રતા, સાતત્ય અને આત્મવિશ્વાસ જેવા ગુણો શીખવા જેવા છે.જૈનાચાર્યશ્રીએ વધુમાં જણાવ્યું કે સફળતા પ્રાપ્ત કર્યા પછી પણ સરળતા અને વિનમ્રતા જાળવવી અત્યંત આવશ્યક છે. જો સફળતા સાથે અહંકાર જોડાઈ જાય તો એ જ સફળતા પતનનું કારણ પણ બની શકે છે. દુનિયા વિજેતાને વધાવે છે, પરંતુ તે વિજય પાછળનો સંઘર્ષ માત્ર સંઘર્ષ કરનાર જ જાણે છે. સંઘર્ષ વિના સફળતા શક્ય નથી.તેમણે કહ્યું કે જીવનમાં જ્યારે પણ કોઈ નાની કે મોટી સિદ્ધિ પ્રાપ્ત થાય ત્યારે પોતાના માતા-પિતા, ગુરુજનો, વડીલો અને સાથીદારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ આપણા સંસ્કારોની સાચી ઓળખ છે.સાથે જ તેમણે આત્મચિંતનનો સંદેશ આપતાં જણાવ્યું કે એકાંતની પળોમાં પોતાની અંદર રહેલી તે શક્તિનો પણ આભાર માનવો જોઈએ, જેણે મુશ્કેલ સમયમાં હિંમત હારવા દીધી નહીં, સતત આગળ વધવા પ્રેર્યા અને અંતે સફળતા સુધી પહોંચાડ્યા. પોતાની સહનશક્તિ, આત્મવિશ્વાસ અને સંઘર્ષ કરવાની ક્ષમતાને ઓળખીને તેનો સ્વીકાર કરવો એ પણ જીવનનું એક મોટું સાધન અને સાચી કૃતજ્ઞતા છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સાવરકુંડલાના પ્રતિષ્ઠિત ડિજિટલ પ્લેટફોર્મ પર
## લેડીઝ માટે ગોલ્ડન ઓપર્ચ્યુનિટી

# જોઈએ છે...

## ડિજિટલ પ્લેટફોર્મ ટીમ-2

**(રીલ્સ + વિડીયો + સ્પીચ + કોન્ટેક્ટ ક્રિએટિંગ)**

- ક્રિએટિવ માઈન્ડ સેટ ટ્રેન્ડિ કોન્ટેન્ટ આઈડિયા અને ફાસ્ટ એડીટીંગ સ્કીલ
- જેમને રિલ્સ બનાવતા, વિડીયો શુટીંગ અને એડિટિંગ આવડતું હોય..
- તમારી ક્રિએટિવિટીને મોટા પ્લેટફોર્મ પર પહોંચાડવાની તક



ઝડપી ગ્રોથ અને લર્નિંગનું શાનદાર વાતાવરણ
તમારી ક્રિએટિવિટી ને પાંખો આપવની આ તક છે...

**આજે જ તમારું CV + Portfolio (Reels/Video) મોકલો**

KD NEWS

9824561561

રાજ દરબારગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા

કે.ડી. NEWS
ના નેગેટીવ ન્યુઝ
તારીખ : 05/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શિક્ષિકા બહેનો જોઈએ છે...

## સાવરકુંડલાની નામાંકન શાળાને શિક્ષિકા બહેનો જોઈએ છે.

**શિક્ષિકા બહેનો-૨**

**P.T.C./B.A./B.Com**

**M.A./ M.com./PGDCA**

## : સંપર્ક :

## 94285 85885

કે.ડી. NEWS
તારીખ : 05/07/2026

# "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત અરજદારનો ગુમ થયેલો મોબાઈલ CEIR પોર્ટલની મદદથી શોધી સાવરકુંડલા ટાઉન પોલીસે પરત આપ્યો




રાજ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવતા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા ટાઉન પોલીસને વધુ એક સફળતા મળી છે. ગુમ થયેલા મોબાઈલ ફોન અંગે અરજદાર દ્વારા કરવામાં આવેલી અરજીના આધારે પોલીસ દ્વારા CEIR (Central Equipment Identity Register) પોર્ટલની મદદથી ટેકનિકલ તપાસ હાથ ધરવામાં આવી હતી. તેના પરિણામે ગુમ થયેલો મોબાઈલ ફોન સફળતાપૂર્વક શોધી કાઢી તેના મૂળ માલિકને પરત સોંપવામાં આવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રી કુંડલા ઘોઘારી કપોળ મહાજન ટ્રસ્ટ

## જાહેર સૂચના

આ ટ્રસ્ટ ની મિલકત ધરાવતા અને નવી મિલકત લેનારા આસામીઓ ને ખાસ જણાવવા નું કે આ ટ્રસ્ટ માં મિલકત ની ફેર બદલી કે નવા ભાડાખત કે અન્ય મંજૂરી માટે જે રકમ ટ્રસ્ટ ને આપો છો તેની ટ્રસ્ટ ની પાકી રસીદ મેળવી લેવી. પાકી રસીદ વગર નો વહીવટ કાયદેસર ગણાશે નહિ તેથી ભવિષ્ય માં આપની મિલકત ની સલામતી માટે રસીદ પૂરી રકમ ની લેવી. જો આપને રસીદ આપવા માં ના આવે તો મને રૂબરૂ મળશો.

પ્રમુખશ્રી,

રાજેશભાઈ મહેતા - કપોળ મહાજન,સાવરકુંડલા.

કાયમી સરનામું - ટીલાલા મસાલા,

નવરંગી બજાર, સાવરકુંડલા

તારીખ : 05/07/2026

# ડોળીમાં યાત્રા કરનાર યાત્રિકો માટે શ્રી શત્રુંજય મહાતીર્થમાં 'જૈન સંઘની પહોંચ'નો શુભ પ્રારંભ

## યાત્રિકોની સલામતી, સુવ્યવસ્થા અને નોંધણી પ્રક્રિયાને મળશે વધુ મજબૂતી

વિશ્વવિખ્યાત શ્રી શત્રુંજય મહાતીર્થ ખાતે દર વર્ષે લાખો જૈન શ્રદ્ધાળુઓ દર્શન અને યાત્રાનો લાભ લેવા આવે છે. જેમાં વૃદ્ધ, દિવ્યાંગ તેમજ શારીરિક રીતે અશક્ત યાત્રિકો ડોળીમાં બેસીને પવિત્ર યાત્રા પૂર્ણ કરતા હોય છે. આવા યાત્રિકોની સલામતી, સુવિધા અને સુવ્યવસ્થિત નોંધણી સુનિશ્ચિત થાય તે માટે શ્રી શત્રુંજય મહાતીર્થ ખાતે *"જૈન સંઘની પહોંચ'*નો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો છે.સરકારશ્રી દ્વારા રચાયેલી ટાસ્ક ફોર્સના માર્ગદર્શન હેઠળ કાર્યરત ડોળી સમિતિએ છેલ્લા ૩૫ વર્ષથી જૈન તીર્થોની સુરક્ષા અને સેવાકાર્ય કરતી જૈન તીર્થરક્ષા ટ્રસ્ટને ડોળીમાં યાત્રા કરનાર યાત્રિકોની નોંધણી કરવાની સત્તાવાર મંજૂરી આપી છે.પરમ પૂજ્ય પ્રવર સમિતિ દ્વારા નિયુક્ત શ્રી શત્રુંજય મહાતીર્થ સમિતિના અધ્યક્ષ પૂજ્ય રાષ્ટ્રસંત આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં તથા પૂજ્ય આચાર્ય અજયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ છેલ્લા કેટલાક વર્ષોથી ડોળી કામદાર સમૃદ્ધિ યોજનાનું સફળ આયોજન કરવામાં આવી રહ્યું છે.આ યોજનાના ભાગરૂપે છેલ્લા એક વર્ષથી જૈન સંઘની ડોળી, જૈન સંઘના ઓળખકાર્ડ તથા જૈન સંઘની પહોંચ શરૂ કરવાની યોજના વિચારાધીન હતી. તે અંતર્ગત જૈન તીર્થરક્ષા ટ્રસ્ટ દ્વારા ડોળી સમિતિ સમક્ષ યાત્રિકોની સત્તાવાર નોંધણી માટે મંજૂરી માંગવામાં આવી હતી. આ રજૂઆતને અનુમોદન આપતાં ડોળી સમિતિએ મંજૂરી આપી અને કલેક્ટરશ્રી દ્વારા પણ સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.જેઠ વદ ચોથ, શનિવારના પાવન દિવસે, ભગવાન આદિનાથ પ્રભુના ચ્યવન કલ્યાણક નિમિત્તે જૈન તીર્થરક્ષા ટ્રસ્ટ દ્વારા જૈન સંઘની પહોંચ'નો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો.આ નવી વ્યવસ્થાના અમલથી ડોળી કામદારો અને યાત્રિકો વચ્ચે વધુ સારો સમન્વય જળવાશે, નોંધણી પ્રક્રિયા પારદર્શક બનશે તેમજ યાત્રિકોની સુરક્ષા અને સુવિધામાં નોંધપાત્ર વધારો થશે.જૈન તીર્થરક્ષા ટ્રસ્ટ દ્વારા ડોળીમાં યાત્રા કરનાર તમામ જૈન યાત્રિકોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ યાત્રા શરૂ કરતા પહેલાં 'જૈન સંઘની પહોંચ' મેળવીને જ યાત્રાનો લાભ લે, જેથી સમગ્ર વ્યવસ્થા વધુ સુચારૂ અને સુરક્ષિત રીતે સંચાલિત થઈ શકે.

તારીખ : 05/07/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન વેચવાનું છે...

સાવરકુંડલા મણીનગર સોસાયટી, મહુવારોડ, મુકતેશ્વર મહાદેવ મંદિર પાસે, બે રૂમ, રસોડુ, ઓસરી, ફળીયુ ટાઇટલ કલીયર, દસ્તાવેજવાળુ મકાન વેચવાનું છે.

**સંપર્ક : મો. 92742 28505**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

# 'જય જગન્નાથ'ના નાદ સાથે સજ્જ પુરી: વિશ્વવિખ્યાત રથયાત્રાની તૈયારીઓ અંતિમ તબક્કામાં



પુરી: ઓડિશાના પવિત્ર તીર્થધામ જગન્નાથ પુરીમાં વિશ્વવિખ્યાત ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક રથયાત્રાને લઈને તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. સમગ્ર પુરી નગરી ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહના રંગે રંગાઈ ગઈ છે. શહેરના દરેક ખૂણે 'જય જગન્નાથ'ના ગુંજતા નાદ વચ્ચે રથયાત્રાની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે.ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજી માટે પરંપરાગત રીત-રિવાજ મુજબ વિશાળ ભવ્ય રથો તૈયાર કરવામાં આવી રહ્યા છે. અનુભવી શિલ્પીઓ દિવસ-રાત અવિરત મહેનત કરી રહ્યા છે. તેમના દરેક હથોડાના પ્રહારમાં ભક્તિનો ભાવ અને મહાપ્રભુ પ્રત્યેની અડગ આસ્થા ઝળકી રહી છે.રથયાત્રા માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ ભારતની પ્રાચીન સંસ્કૃતિ, પરંપરા અને સામૂહિક શ્રદ્ધાનું જીવંત પ્રતીક છે. દેશ-વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન અને રથયાત્રાના દિવ્ય દર્શન માટે પુરી પહોંચવાની તૈયારીઓ કરી રહ્યા છે.સમગ્ર પુરી શહેરને રંગબેરંગી શણગાર, આકર્ષક લાઈટિંગ અને સુવિધાઓથી સજાવવામાં આવી રહ્યું છે. હવે સૌની નજર તે શુભ ક્ષણ પર છે, જ્યારે જગતના નાથ ભગવાન જગન્નાથ પોતાના ભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજી સાથે ભવ્ય રથોમાં બિરાજમાન થઈ ભક્તોને દર્શન આપવા નગરયાત્રાએ નીકળશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

# સંસદનું ચોમાસુ સત્ર 20 જુલાઈથી શરૂ થઈ 13 ઓગસ્ટ સુધી યોજાશે



કેન્દ્ર સરકારની ભલામણ બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજીએ સંસદના બંને ગૃહોના ચોમાસુ સત્ર-2026ને બોલાવવાની મંજૂરી આપી દીધી છે. સંસદીય કાર્ય અને લઘુમતી બાબતોના મંત્રી કિરણ રિજિજુએ શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટ કરીને જણાવ્યું હતું કે સંસદનું ચોમાસુ સત્ર 20 જુલાઈથી શરૂ થશે અને 13 ઓગસ્ટ સુધી ચાલશે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ સત્ર મહત્વના રાષ્ટ્રીય મુદ્દાઓ પર અર્થપૂર્ણ ચર્ચા-વિચારણા અને નિર્ણયો લેવા માટે એક મહત્વપૂર્ણ મંચ સાબિત થશે. સરકારને આશા છે કે બંને ગૃહોમાં લોકહિત અને રાષ્ટ્રીય હિતના વિષયો પર વ્યાપક અને રચનાત્મક ચર્ચાઓ થશે. ચોમાસુ સત્ર દરમિયાન સરકાર ઘણા મહત્વના વિધેયકો અને નીતિગત પ્રસ્તાવો સંસદમાં રજૂ કરી શકે છે. બીજી તરફ, વિરોધ પક્ષ પણમોંઘવારી, બેરોજગારી, કૃષિ, આંતરિક સુરક્ષા, વિદેશ નીતિ અને અન્ય સામયિક મુદ્દાઓ પર સરકારને ઘેરવાની રણનીતિ તૈયાર કરી રહ્યો છે.આથી, આ સત્ર રાજકીય અને વિધાયી બંને દૃષ્ટિએ અત્યંત મહત્વનું માનવામાં આવે છે.સંસદના આ સત્ર દરમિયાન વિવિધ મંત્રાલયો સાથે જોડાયેલા સરકારી કાર્યોની સાથે સાથે અનેક મહત્વના રાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા થવાની પ્રબળ સંભાવના છે. સરકાર અને વિરોધ પક્ષ વચ્ચે વિવિધ વિષયો પર તીખી તકરારપણ જોવા મળી શકે છે.સામાન્ય રીતે બજેટ સત્ર પછી ચોમાસું સત્રમાં સરકાર પોતાના નવા બિલ અને વટહુકમોને કાયદાનું સ્વરૂપ આપવાનો પ્રયાસ કરે છે. સત્ર શરૂ થવાના થોડા દિવસો પહેલા સરકાર પરંપરાગત રીતે 'સર્વદલીય બેઠક' બોલાવશે, જેથી સત્ર શાંતિપૂર્ણ રીતે ચાલે અને મહત્વના વિધેયો પર સહમતી સાધી શકાય. સત્રમાં 'પ્રશ્નકાળ' અને 'શૂન્યકાળ' દરમિયાન સાંસદો સરકારને સીધા જનતાના પ્રશ્નો પૂછી શકશે, જે લોકશાહીની સૌથી મજબૂત કડી માનવામાં આવે છે.

તારીખ : 05/07/2026



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

# અમરેલી કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવવાની ધમકી: તંત્ર એલર્ટ, SOG-LCB સહિતની ટીમોની સઘન તપાસ



અમરેલી જિલ્લા વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. અમરેલી કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો એક અજાણ્યો પત્ર મળતા સમગ્ર પોલીસ અને સુરક્ષા તંત્ર તાત્કાલિક એલર્ટ થઈ ગયું હતું. ઘટનાને પગલે કલેક્ટર કચેરી પરિસરમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ધમકીભર્યો પત્ર મળતાની સાથે જ કલેક્ટર કચેરીના અધિકારીઓએ પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી અમરેલી પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.સુરક્ષાના ભાગરૂપે SOG, LCB, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમો સ્થળ પર પહોંચી હતી. સમગ્ર કલેક્ટર કચેરી પરિસરની સઘન તપાસ કરવામાં આવી હતી. દરેક રૂમ, કચેરી અને આસપાસના વિસ્તારમાં ચેકિંગ હાથ ધરાયું હતું. જોકે, પ્રાથમિક તપાસ દરમિયાન કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ધમકીભર્યો પત્ર પોસ્ટ મારફતે મોકલવામાં આવ્યો હતો. જેના આધારે પોલીસે હવે તપાસનો વ્યાપ વધારી પોસ્ટ વિભાગની મદદથી પત્ર કયા વિસ્તારથી પોસ્ટ કરવામાં આવ્યો હતો અને તેને મોકલનાર વ્યક્તિ કોણ છે તે દિશામાં તપાસ શરૂ કરી છે.સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધવાની તેમજ પત્ર મોકલનાર સુધી પહોંચવા માટે ટેકનિકલ અને અન્ય તમામ દિશામાં તપાસ તેજ કરી છે. હાલ કલેક્ટર કચેરી ખાતે સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે અને પોલીસ દ્વારા સમગ્ર મામલાની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે.

તારીખ : 05/07/2026

# રાજ્યમાં સિઝનનો સરેરાશ 13.27 ટકા વરસાદ: ભારે વરસાદથી 6 સ્ટેટ હાઈવે સહિત 108 માર્ગો બંધ




ગુજરાત રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજાની ધમાકેદાર બેટિંગ યથાવત રહેતા જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે. શનિવારે રાજ્યના 131 તાલુકામાં હળવાથી લઈને અતિભારે વરસાદ નોંધાયો હતો. સતત વરસાદને કારણે અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળતાં વહીવટી તંત્રને સુરક્ષાના ભાગરૂપે કુલ 6 સ્ટેટ હાઈવે સહિત 108 માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી હતી.સૌથી વધુ અસર જૂનાગઢ જિલ્લામાં જોવા મળી છે, જ્યાં સતત વરસાદને કારણે 4 સ્ટેટ હાઈવે બંધ કરવામાં આવ્યા છે. ઉપરાંત ખેડા અને રાજકોટ જિલ્લામાં એક-એક સ્ટેટ હાઈવે પણ વાહનવ્યવહાર માટે બંધ કરાયા છે.પંચાયત હસ્તકના બંધ કરાયેલા માર્ગોમાં જૂનાગઢ જિલ્લાના 24, નવસારીના 42, વલસાડના 7, સુરતના 5, ગીર સોમનાથના 5, અમરેલીના 2 તેમજ અન્ય 16 માર્ગોનો સમાવેશ થાય છે.વરસાદની અસર રાજ્યના જાહેર પરિવહન પર પણ પડી છે. જૂનાગઢ જિલ્લાના 40 અને પોરબંદરના 1 મળીને કુલ 41 એસટી બસ રૂટ તાત્કાલિક બંધ રાખવામાં આવ્યા હતા.સતત વરસાદ અને જળાશયોમાં વધી રહેલી આવકને પગલે રાજ્યના બે ડેમ હાઈ એલર્ટ, એક ડેમ એલર્ટ અને સાત ડેમ વોર્નિંગ કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે. હાઈ એલર્ટ પર રહેલા ડેમોમાં ધોળીધજા (વાંકાનેર) અને *વણાકબોરી (બાલાસિનોર)*નો સમાવેશ થાય છે.રાજ્યના 206 જળાશયોમાં કુલ પાણીનો સંગ્રહ 36.09 ટકા સુધી પહોંચ્યો છે. જ્યારે નર્મદા ડેમમાં સતત પાણીની આવકને કારણે જળસંગ્રહ 64.11 ટકા નોંધાયો છે.હાલની સ્થિતિ મુજબ રાજ્યમાં સિઝનનો સરેરાશ વરસાદ 13.27 ટકા નોંધાયો છે. ઝોન મુજબ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 17.11 ટકા, જ્યારે સૌરાષ્ટ્ર વિસ્તારમાં 15.38 ટકા વરસાદ નોંધાતા જળસંચયમાં નોંધપાત્ર વધારો થયો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

# પૂજ્ય મુક્તાનંદ બાપુની પ્રેરણાથી અમરેલીમાં સત્સંગ અને હનુમાન ચાલીસા પાઠનો પ્રારંભ



સનાતન સંસ્કૃતિના જતન, પરિવાર પ્રબોધન અને ધાર્મિક જાગૃતિના પવિત્ર ઉદ્દેશ સાથે સનાતન સેવા મંડળ, અમરેલી દ્વારા પૂજ્ય મુક્તાનંદ બાપુની પ્રેરણાથી દર મહિનાના ચોથા મંગળવારે માસિક સત્સંગ અને સમૂહ હનુમાન ચાલીસા પાઠ યોજવાનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ શ્રેણીનો પ્રથમ સત્સંગ મંડળના પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડના નિવાસસ્થાને ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણમાં યોજાયો હતો.કાર્યક્રમની શરૂઆત સમૂહ હનુમાન ચાલીસા પાઠથી થઈ હતી. ત્યારબાદ ધૂન, ભજન-કીર્તન તેમજ ભારત માતાની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. કરણભાઈ વાજા, ગાયક કલાકાર સંજયભાઈ પંડયા, કૌશિકભાઈ પંડયા સહિતના કાર્યકરોએ ભક્તિગીતો અને કીર્તન દ્વારા સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.આ પ્રસંગે સનાતન સેવા મંડળના મંત્રી પ્રકાશભાઈ શુક્લે મંડળ દ્વારા હાથ ધરાતી વિવિધ ધાર્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે વિદ્યાભારતી સંચાલિત સરસ્વતી વિદ્યામંદિરના આચાર્ય પ્રવીણભાઈ કથીરીયાએ નાગરિક શિષ્ટાચાર, સંસ્કારસભર જીવનશૈલી અને સમાજ પ્રત્યેની જવાબદારીઓ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.મંડળના પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, સત્સંગના માધ્યમથી સમાજમાં સનાતન મૂલ્યોનું સંવર્ધન, પરિવાર પ્રબોધન અને નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન કરવું એ મંડળનો મુખ્ય ધ્યેય છે. તેમણે જણાવ્યું કે દર મહિનાનો સત્સંગ મંડળના સભ્યોના નિવાસસ્થાને ફરતી પદ્ધતિથી યોજાશે, જેથી વધુમાં વધુ પરિવારો ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે જોડાઈ શકે.કાર્યક્રમમાં સનાતન સેવા મંડળના માર્ગદર્શક વરિષ્ઠ એડવોકેટ બકુલભાઈ પંડયા, અગ્રણી વેપારી હકુભાઈ ચૌહાણ, એડવોકેટ ઈતેશભાઈ મહેતા, મજબૂતભાઈ બસિયા, રશ્મિનભાઈ ત્રિવેદી, નિવૃત્ત પી.એસ.આઈ. રામાનુજભાઈ, ધર્મેશભાઈ ગોંડલિયા, વિપુલભાઈ દવે, ભરતભાઈ જળું, છાયાબેન ગેડિયા, હિરલબા વાળા, ઉદયસિંહ રજપૂત, આશિષભાઈ જોશી, દિલીપભાઈ ડેર, વેદાંત ત્રિવેદી, કેતનભાઈ વિસાણી, અશોકભાઈ પંડયા, ભીખુભાઈ કારીયા તેમજ બજરંગ દળના અગ્રણી ભાર્ગવભાઈ માવાણી, માધવભાઈ ભટ્ટ, વરૂણભાઈ ભટ્ટ, ભવ્યભાઈ સવાણી, આર્યનભાઈ માધવ, દર્શન ઠુમ્મર સહિત મોટી સંખ્યામાં સનાતન સેવા મંડળના સભ્યો અને ધર્મપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના અંતે સૌએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ ભક્તિ, સંસ્કાર અને સામાજિક એકતાનો સુંદર સમન્વય બની રહ્યો હતો.

પ્રકાશ પ્રિન્ટર્સ

પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

# તમારા બિઝનેસ લોગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ**
(આપની ચોઈસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

**સાથે મેળવો**

અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ કોલીંગ ડીરેક્ટરી અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બર્સશીપ લીધેલ) આકર્ષક ભેટ આપવામાં આવશે.

તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને

## PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - મો. 9409545745

કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

# ક્લીનઅપ સુરત' અને 'શ્રી સિયારામ ગ્રીન વર્લ્ડ ટ્રસ્ટ' દ્વારા તાપી ઘાટની સફાઈ સાથે વૃક્ષ વિતરણ



'સ્વચ્છ સુરત, સુંદર સુરત'ના સંકલ્પને સાકાર કરવા માટે કાર્યરત 'ક્લીનઅપ સુરત' ટીમ દ્વારા સુરત શહેરના લંકા વિજય હનુમાન મંદિર પાસે આવેલા તાપી કિનારાના ઘાટ ખાતે એક વિશેષ સફાઈ કરવામાં આવી.'શ્રી સિયારામ ગ્રીન વર્લ્ડ ટ્રસ્ટ' દ્વારા પર્યાવરણની જાળવણી માટે ત્યાં હાજર લોકોને પ્રકૃતિનું રક્ષણ કરવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા અને સૌને વિનામૂલ્યે વૃક્ષો (છોડ)નું વિતરણ કરવામાં આવ્યું હતું, આ સેવાયજ્ઞમાં અમરોલી મેડિકલ સર્કલની ટીમ પણ જોડાઈ હતી. ટીમના સેવાભાવી ડોક્ટરો દ્વારા સફાઈ કાર્યમાં જોડાયેલા તમામ સ્વયંસેવકો માટે નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી."કળિયુગમાં આપણે ભગીરથ ભલે ના બની શકીએ, પણ સૌ સાથે મળીને આવા રૂડા ભગીરથ કાર્યો જરૂર કરી શકીએ છીએ."





નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



### New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## શીવમભાઈ મહેતા

### મહાદેવ સોપારી સેલ્સ

HAPPY BIRTHDAY


ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 05/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

“ સામી વ્યક્તિને પછાડવાના કે પરાજિત કરવાના પ્રયાસોમાં વ્યક્તિને જ્યારે ધારી સફળતા નથી મળતી ત્યારે એ વ્યક્તિને સમાજ વચ્ચે બદનામ કરવા જે ગંદા શસ્ત્રના શરણે વ્યક્તિ ચાલી જાય છે એ શસ્ત્રનું નામ છે, નિંદા. ”




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 05/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923
KD
NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 05/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની
દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ
કરીયાણાની દુકાનના
વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે
# ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો
## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે
CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 05/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 76K | 51K | 29K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**